**બિડાણ:** ગુજરાત સરકારશ્રીના નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરની કચેરીનો તા.૨૪.૧૧.૨૦૨૫નો પરિપત્ર ક્રમાંક: ED/HSB/ e-file/4/2025/1580Z1 (Economy)

**વિષય:** રાજય સરકરના વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંક પામેલા ફીકસ પગારના કર્મચારીઓને મળવાપાત્ર ચાર્જ એલાઉન્સ બાબત.

---

**જા.નં.નકૃયુ/રજી/અ.૩.૩/ચાર્જ એલાઉન્સ/૧૨૩૬-૨૮૫/૨૦૨૬** **તારીખ:૨૦/૦૨/૨૦૨૬**

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**સામેલ:** ઉપર મુજબ.

**નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારું :–**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ અને સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/– આ સાથે સામેલ ગુજરાત સરકારશ્રીના નાયબ સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરની કચેરીના તા.૨૪.૧૧.૨૦૨૫ના પરિપત્રમાં જણાવેલ વિગત મુજબ નાણા વિભાગ ખાતેથી પરિપત્ર પ્રસિધ્ધ થયા તારીખથી અત્રેની યુનિવર્સિટીના વર્ગ–૩ અને વર્ગ–૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણુંક પામેલા ફીકસ પગારના કર્મચારીઓને મળવાપાત્ર ચાર્જ એલાઉન્સમાં સુધારા અંગે અમલ થવા સારૂ.

રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક પામેલા ફીકસ પગારના કર્મચારીઓને મળવાપાત્ર ચાર્જ એલાઉન્સ બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંક:- FD/HSB/e-file/4/2025/1580/Z1(Economy)
સચિવાલય, ગાંધીનગર.
તા.:- ૨૪/૧૧/૨૦૨૫

સંદર્ભ:-

(૧) નાણા વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧
(૨) નાણા વિભાગનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧
(૩) નાણા વિભાગનો તા.૩૧/૦૧/૨૦૧૮નો પરિપત્ર ક્રમાંક: ખરચ/૧૦૨૦૧૭/૧૭૯૬/ઝ.૧
(૪) નાણા વિભાગનો તા.૧૮/૧૦/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૪/ઝ.૧

પ્રસ્તાવના:-

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ અંતર્ગત રાજય સરકારની કચેરીઓ ખાતે વર્ગ-૩ અને વર્ગ-૪ ની સીધી ભરતીની જગ્યાઓ ઉપર નિયત ભરતી પ્રક્રિયા ધ્વારા નિમણૂક પામેલ ફીકસ પગારના કર્મચારીઓને સંદર્ભ ક્રમાંક-(૧) થી (૩) સામેના ઠરાવો/પરિપત્રથી કરેલ સ્પષ્ટતા મુજબ "વધારાની કામગીરી માટે મહેનતાણા" અંગેની જોગવાઈ થયેલ છે.

હાલમાં રાજય સરકારના ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને સંદર્ભ ક્રમાંક-(૧) થી (૩) માં થયેલ જોગવાઇ મુજબ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નકકી કરવામાં આવેલ ફીકસ પગાર ઉપર વધારાનું મહેનતાણું (ચાર્જ એલાઉન્સ) ચૂકવવામાં આવે છે. ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ માટે સંદર્ભ ક્રમાંક-(૧) માં દર્શાવેલ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નકકી કરવામાં આવેલ ફીકસ પગારમાં સંદર્ભ ક્રમાંક-(૪) સામેના ઠરાવથી સુધારો કરવામાં આવેલ છે, પરંતુ ચાર્જ એલાઉન્સ હાલમાં પણ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નકકી કરવામાં આવેલ ફીકસ પગાર મુજબ ગણતરી કરીને ચુકવવામાં આવે છે. આથી,

ફીકસ પગારના કર્મચારીઓમાં કામ કરવાનો ઉત્સાહ જળવાઈ રહે તે હેતુથી ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને સોપવામાં આવેલ સમાન અથવા ઉપલી જગ્યાના વધારાના હવાલા માટે મળવાપાત્ર ચાર્જ એલાઉન્સમાં સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

-: પરિપત્ર :-

પુખ્ત વિચારણાને અંતે રાજય સરકારની કચેરીઓ ખાતે વર્ગ-૩ અને વર્ગ-૪ ની સીધી ભરતીની જગ્યાઓ ઉપર નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલ ફીકસ પગારના કર્મચારીઓને મળવાપાત્ર ચાર્જ એલાઉન્સ માટે સંદર્ભ ક્રમાંક: (૧) થી (૩) ના ઠરાવો/પરિપત્રથી નિયત થયેલ જોગવાઈ રદ્દ કરીને તેમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

"નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવથી ફિક્સ પગારની નીતિ અંતર્ગત રાજય સરકારની કચેરીઓ ખાતે વર્ગ-૩ અને વર્ગ-૪ની સીધી ભરતીની જગ્યાઓ ઉપર નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂક પામેલ ફીકસ પગારના કર્મચારીઓને સમાન અથવા ઉપલી જગ્યાનો વધારાનો હવાલો સોંપવામાં આવે તો આ ફિક્સ પગારના કર્મચારીઓને મળવાપાત્ર પ્રવર્તમાન મહેનતાણાના અનુક્રમે પાંચ ટકા/દસ ટકા વધારાનું મહેનતાણું (ચાર્જ એલાઉન્સ) મળવાપાત્ર થશે."

આ પરિપત્રનો અમલ પરિપત્ર પ્રસિદ્ધ થયા તારીખથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. નિસર્ગ જોષી)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

- ❖ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- ➢ સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
- ➢ માન. વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સચિવાલયના સર્વે વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ સર્વે ખાતાના વડાઓ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- ➢ એકાઉન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- ➢ નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.
- ➢ પગાર અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- ➢ વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર / વડોદરા / રાજકોટ / ભાવનગર /અમદાવાદ.
- ➢ સર્વે નાણા સલાહકારશ્રીઓ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ➢ નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત), સચિવાલય, ગાંધીનગર.
- ➢ સીસ્ટમ મેનેજરશ્રી તરફ નાણા વિભાગની વેબસાઈટ ઉપર આ પરિપત્ર મૂકવાની વિનંતી સાથે.
- ➢ સિલેક્ટ ફાઈલ ઝ.૧ શાખા.

---

- ❖ પત્ર ધ્વારા.